જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૧૦/૨૦૨૫ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૩૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૨૩૦ લીટર દેશી દારૂ, ૬૨૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૭ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૩ સ્કુટર અને ૦૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૫૨,૮૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૩૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૩૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૪૪૦/૨૦૨૫**

માધવપુરાઃ વિષ્ણુભાઇ સ/ઓ ચતુરભાઇ પ્રજાપતિ (ઉ.વ.૩૫) (રહે. ગણપતિનગર સોસાયટી ગામ–જગુદણ તા,જી–મહેસાણા) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે વિષ્ણુભાઈ પ્રજાપતિ નાઓ તા.૧૧/૧૦/૨૦૨૫ કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે કાલુપુર જવા માટે સુભાષબ્રીજથી શટલ ઓટો રિક્ષામાં બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે રિક્ષામાં બેસેલ ત્રણ પુરૂષોએ રિક્ષામાં બેસતા ફાવતું નથી તેમ કહેતા વિષ્ણુભાઈ પ્રજાપતિ નાઓ શિલાલેખ કટ ચાર રસ્તા ખાતે રિક્ષામાંથી ઉતરી ગયા હતા દરમ્યાન વિષ્ણુભાઈએ પહેરેલ પેન્ટના ખિસામાં જોતા તેમની પાસેના રોકડ રૂપિયા ૫૦,૦૦૦/– જણાઈ આવેલ નહી જે રૂપિયા રિક્ષામાં બેસેલ ત્રણ પુરૂષોએ વિષ્ણુભાઈ પ્રજાપતિની નજર ચુકવી ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એમ.કાળમા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૪૪૧/૨૦૨૫**

એરપોર્ટઃ સરદારનગર આંબાવાડી ચાર રસ્તા ભીલવાસ ખાતે રહેતા અને છુટક મજુરી કામ કરતા સંતોષ રામસિગારે ભારતી (ઉ.વ.૩૭) (મુળવતન. ગામ–નિબહી ચમરટોલી પોસ્ટ–બૌરડીહ થાના–રૂદ્રપુર તા–રૂદ્રપુર જી–દેવરીયા ઉત્તરપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૧૨/૧૦/૨૦૨૫ બપોરના ૩/૦૦ વાગ્યા પહેલા રહેણાંક ખાતે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે એરપોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી શશીકાંન્ત કિશનભાઇ ચલાવે છે.

દાણીલીમડાઃ નવાઝખાન ઇમરાનખાન પઠાણ (ઉ.વ.૨૮) (રહે. એ.જે.એપાર્ટમેન્ટ, ગુલમહોર, હિમાલીયા બેકરી રોડ, બેરલ માર્કેટ, દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૧૨/૧૦/૨૦૨૫ કલાક ૧૧/૧૫ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રાજેન્દ્રકુમાર આત્મારામ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી